| સમયગાળો:– | વર્ષ : માસ : દિવસ |
|---|---|
| | |
| આંક:– | |

**–:નમુનો–અ:–**

**જામનગરનાં મહેરબાન દસમાં અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. જામનગર**

**ફોજદારી કેસ નં. : ૧૪૬૦૮/૨૦૨૫**
**ચુકાદાની તારીખ : ૨૧/૦૪/૨૦૨૬**
**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતા ની<br>કલમ – ૨૮૧ મુજબનો. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૨૦૪૬૨૫૧૧૫૦/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | પંચ બી ડીવીઝન પોલીસ સ્ટેશન,જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.કે.પરમાર. |
| આરોપીપક્ષ | મનીષભાઈ સવજીભાઈ ભંડેરી<br>ઉ.વ.૪૧, ધંધો – બ્રાસપાર્ટનો<br>રહે. યુવા પાર્કની બાજુમાં, રઘુવીર પાર્ક ગ્રીનસીટી પાસે,તા. જી.જામનગર |
| રજુઆત | વિ.વકીલ શ્રી આર.એન.ચક્રવર્તી |

## –:નમૂનો–બ:–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૯/૦૯/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૯/૦૯/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૯/૧૨/૨૦૨૫ |
| ત્હોમતનામું લીધાની તારીખ | – |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## ::આરોપીની વિગત::

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ભારતીય ન્યાય સુરક્ષા સંહીતાની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | મનીષભાઇ સવજીભાઇ ભંડેરી | તા.૨૯/૦૯/૨૦૨૫ નાં બી.એન.એસ. એની.કલમ–૩૫(૩)(૧)ની નોટીસ આપેલ છે. | | ભારતીય ન્યાય સંહીતા ની કલમ – ૨૮૧ મુજબ. | નિર્દોષ છોડયા | | |

**:: નમૂનો ક ::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયનાં સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | રાજદિપસિંહ મહેન્દ્રસિંહ જાડેજા | ફરીયાદી |
| ફ.સા. ૨ | વિનોદભાઈ મગનભાઈ ઓઢવીયા | પંચસાહેદ |
| ફ.સા. ૩ | શાંતીલાલ કાલીદાસ કાપડી | પંચસાહેદ |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલયનાં આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | રાજદિપસિંહ મહેન્દ્રસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૧૧ | ફરિયાદ |
| ૩ | ૧૨ | શાંતીલાલ કાલીદાસ કાપડીની જુબાની |
| ૪ | ૧૩ | પંચનામું |
| ૫ | ૧૪ | વિનોદભાઈ મગનભાઈ ઓઢવીયાની જુબાની |

## -: ચુકાદો :-

**૦૧.. ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત :-**

ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૨૯/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮-૧૦ વાગ્યે જામનગર, દરેડ ફેસ-૨ પોલીસ સ્ટેશન સામે જાહેર રોડ પર આ કામના આરોપી પોતાના કબ્જા વાળી મો.સા.જેના રજી.નં. જીજે-૧૦-એ.એચ. ૬૫૪૭ વાળુ એકદમ પુર

ઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે પોતાની તથા અન્ય ની જીંદગી જોખમાય તેવી રીતે હાઈ–વે રોડ ઉપર ચલાવી ગુન્હો કરતાં ભારતીય ન્યાય સં હીતા ની કલમ – ૨૮૧ મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપીઓ પકડાઈ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**૦૨..** આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ જાતે હાજર રહેલ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલ આપવામાં આવેલ છે જેની ખાત્રી કરેલ છે. આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૩.. આરોપીનું વિશેષ નિવેદન તથા દલીલ :–**

ઉપર મુજબનો પુરાવો નોધ્યાં બાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ જણાવેલ છે કે, ખોટી ફરીયાદ કરેલ છે અને પોતે નિર્દોષ છે. કોઈ ગુન્હો કરેલ નથી. જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલ સાંભળવામાં આવેલ છે.

**૦૪..** ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કામનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૯/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮–૧૦ વાગ્યે જામનગર, દરેડ ફેસ–૨ પોલીસ સ્ટેશન સામે જાહેર રોડ પર આ કામના આરોપી પોતાના કબ્જા વાળી મો.સા.જેના રજી.નં. જીજે–૧૦–એ.એચ. ૬૫૪૭ વાળુ એકદમ પુર ઝડપે અને બેદરકારી અને ગફલતભરી રીતે પોતાની તથા અન્ય ની જીંદગી જોખમાય તેવી રીતે હાઈ–વે રોડ ઉપર ચલાવી ગુન્હો કરતાં ભારતીય ન્યાય સંહીતા ની કલમ – ૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) શું હુકમ?

**૦૫..** ઉપરોકત મુદા અંગેનાં મારા નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**૦૬..** ઉપરોકત મુદ્દાનાં નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે.

ઉપરોકત તમામ મુદ્દા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાનાં શુભ હેતુસર તે તમામની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**કા ર ણો**

**મુદા નંબર: ૧ અને ૨:**

**પ્રસ્થાપિત સિધ્ધાંતો :**

ન્યાયતંત્રનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાની કાયદાની કલમ–૩, માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીત દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય ખસતો નથી. ફરીયાદ પક્ષે માત્ર સંભવીતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઈ અપવાદનો લાભ લેવાં માંગતો હોય તો પણ તેમણે ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૧૦૮, મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય, તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**સ્ટેટ ઓફ યુ.પી.વિ. અનિલસિંગ, ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં. ૧૪૭** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પુરાવાનું

મુલ્યાંકન કેવી રીતે કરવું, તે બાબતે માર્ગશર્દન આપેલ છે, અને એવું અવલોકન કરેલ છે કે, દરેકે દરેક ફોજદારી પ્રકરણમાં ફરિયાદ પક્ષ ધ્વારા જયારે પુરાવો પસં દ કરવામાં આવતો હોય છે, ત્યારે તેની વિશ્વસનિયતા અથવા તો તેની સત્યતા અથવા તો  વિશ્લેષણ કરવામાં આવે છે, તે માટે અત્યાર સુધીમાં કોઈ પણ જાતના ચોકકસ નીતિ નિયમો ઘડવામાં આવેલા નથી કે ઘડી શકાય તેમ નથી. કારણ કે, દરેકે દરેક ફોજદારી કેસોની હકીકત જુદી હોય છે, અને આ હકીકતમાં તેના આજુબાજુના સંજોગો અને ફરિયાદ પક્ષ તરફથી પસંદ કરવામાં આવેલ પુરાવાનું કોર્ટે ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે.

**સ્ટેટ ઓફ યુ.પી.વિ. અનિલસિંગ** ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા ફરિયાદપક્ષ ધ્વારા પસંદ કરવામાં આવેલા પુરાવાનું વિશ્લેષણ કરવા માર્ગદર્શન આપતા એવું ઠરાવેલ છે કે, એક ન્યાયધીશે જે પ્રકારની ફરજો બજાવવાની હોય છે, તેમાં પ્રથમ તો કોઈ બેગુનેગારને સજા થાય નહિ, અને તેની સાથે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનામાંથી છટકી જવો જોઈએ નહી. એટલે કે, ન્યાયની અદાલત ઉપર એક વિશિષ્ટ પ્ર કારની જવાબદારી નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સોંપવામાં આવેલ છે. ઉપરોકત કેસમાં નામદાર સર્વોચ્ચ એવું પણ અવલોકન કરેલ છે કે, સામાન્ય રીતે ભારત જેવા દેશમાં લોકો અદાલતથી દુર રહેવાનું પસંદ કરે છે. તેઓ અદાલતમાં જુબાની આપવા જવા તૈયાર થતા નથી. જયારે તેઓ કોઈ કારણસર જુબાની આપવા આવે ત્યારે સામાન્ય રીતે તેમની જુબાનીમાં અતિરેકત, વિરોધાભાસ, આશંકા, ક્ષતિઓ વિગેરે ભળી જતા હોય છે, અને ઘણી વખત સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને વધુ પડતી રીતે પણ રજૂ કરતા હોય છે.

કારણ કે, તેમના મનમાં એક પ્રકારનો ભય હોય છે કે કદાચ કોર્ટ તેમના ઉપર પગલાં ભરી બેસશે, અને જે સાહેદો જુબાની આપવા આવતા હોય છે, તેઓ મોટા ભાગે કોર્ટથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોય છે, અને આવા કારણોસર સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા, વિસંગતતા, ક્ષતિઓ અથવા તો અતિરેકત જોવા મળતા હોય છે, અને જો આવી રીતે અસંગતતા, વિસંગતતા, વિરોધાભાસ અને અતિરેકતથી ફરિયાદ પક્ષનાં મુળને અસર થતી ન હોય તો તેવી હકીકતોને અદાલતે પુરાવા ઉપરથી દરગુજર કરવી જોઈએ. પરંતુ જો આવા વિરોધાભાસ, અતિરેક, અસંગતતા અને વિસંગતતાથી ફરિયાદ પક્ષના કેસના મૂળમાં અસર થતી હોય, અને જો ફરિયાદ પક્ષનો કેસ તેના કારણે સંપૂર્ણપણે શંકાસ્પદ બનતો હોય તો, તેનો લાભ બચાવ પક્ષને મળવો જોઈએ.

નામદાર સર્વોચ્ચ અદાલતે **લેખરાજ વિ. હિમાચલ પ્રદેશ, ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ(ક્રિમીનલ) ૧૪૭** ના ચુકાદામાં ફોજદારી પ્રકરણમાં પસંદ કરવામાં આવેલ પુરાવાનું ન્યાયિક વિશ્લેષણ વાસ્તવિકતાઓ અને વ્યવહારથી, તટસ્થતાથી કરવું જોઈએ, તેવું ઠરાવેલ છે. ઉપર મુજબનાં સિધ્ધાંતોને નજર સમક્ષ રાખીને હવે આપણે ફરિયાદ પક્ષના પુરાવાનું ન્યાયિક વિશ્લેષણ કરીશું. પ્રોસીકયૂશન ધ્વારા તેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ, અને ગુનાના તમામ તત્વો પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયૂશનની છે, અને તે કયારેય આરોપી ઉપર શીફટ થતી નથી. એવા કેસો કે, જેમાં આરોપીનો બચાવ ક્રેડીબલ અગર તો પાલ્પેબલી ફોલ્સ જણાય તો પણ પુરાવાનો બોજો પ્રોસીકયુશન ઉપરથી હળવો થતો નથી. પ્રોસીકયુશન પોતાનું આ બર્ડન

ડીસ્ચાર્જ કરે તો, ત્યારે આરોપીએ પોતે આવશ્યક તત્વો એકસપ્લેઈન અગર તો કોન્ટ્રોવર્ડ પ્રોસીકયૂશનનો કેસ નેગેટીવ કરવા કરવો જોઈએ, અને જયારે બર્ડન આરોપી ઉપર શીફ્ટ થાય ત્યારે સ્ટાન્ડર્ડ પ્રુફ જેટલું પ્રોસીકયૂશને પોતાનો કેસ પુરવાર કરવા માટે જોઈએ તેટલું આરોપી માટે નથી. આરોપીએ માત્ર પોતાનો બચાવ પ્રોબેબલ દર્શાવવો જોઈએ કે જેથી તેને રીઝનેબલ શંકાનો લાભ મળી શકે. આ રેશીયો નામદાર સુપ્રિમ કોર્ટે એ.આઈ.આર.૧૯૭૨ (સુપ્રિમ કોર્ટ) ૭૧૬ માં નકકી કરેલ છે.

**આક્ષેપિત કલમોનાં પુરવાર કરવાનાં આવશ્યક તત્વો :–**

(એ) ભારતીય ન્યાય સંહીતાની કલમ ૨૮૧ મુજબનો સરીયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.
૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.
૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**૦૭.. સાહેદોની ટુંકમાં જુબાનીની મહત્વની હકિકતો :–**

**(૭–અ)<u>ફરીયાદી:–</u>**

આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી ફરીયાદી રાજદિપસિંહ મહેન્દ્રસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૧૦ વાગ્યાના અરસામાં દરેડ પોલીસ ચોકી પાસે ટ્રાફિક નીયમન અંગેની કામગીરીમાં હતા. તે દરમ્યાન કલાક ૧૮–૧૦ વાગ્યે નીલગીરી ગોળાઈ તરફથી આવતા એક મોટર સાયકલ ડીલક્ષના ચાલક પોતાની ગાડી જાહેર રોડ ઉપર રોંગ સાઇડમાં પુરઝડપે બેફિકરાયથી પોતાની તથા અન્ય રાહદારીઓની ઝીંદગી જોખમાય તથા અકસ્માત થાય તે રીતે ચલાવી આવતો હોય, જેથી બે રાહદારી પંચો બોલીવી તે ચાલકનું નામ પુછતા પોતે પોતાનું નામ મનીષભાઈ સવજીભાઈ ભંડેરી, રહે. યુવા પાર્ક ની બાજુમાં રઘુવીર પાર્ક ગ્રીન સામે તા.જી. જામનગર વાળા હોવાનું જણાવેલ. મજકુરની એક મોટર સાયકલ ડીલક્ષના રજી. નં. જીજે–૧૦–એએચ–૬૫૪૭ ના હોય તે જાહેર રોડ ઉપર કુલ ઝડપે, ગલફતભરી રીતે તે રીતે ચલાવી બી.એન. એસ કલમ ૨૮૧ મુજબ ગુન્હો કરેલ હોય જે સાથે ના એ.એસ.આઇ પી.કે. જાડેજાએ બી.એન.એસ.એસ ની કલમ ૩૫(૩)(૧) મુજબ નોટીસ આપી કલાક ૧૮–૪૦ વાગે મજકુર ઈસમને નોટીસ આપી વાહન જે તે સ્થિતીમાં સોંપી આપેલ. જે અંગે તેઓએ સાથેના એ.એસ.આઇ પી.કે. જાડેજાને ફરીયાદ આપેલી.

આરોપી તર્ફે વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી સાહેદ એ હકીકત કબુલ કરે છે કે, બનાવના દિવસે તેઓ ફરજ ઉપર કે પેટ્રોલીંગમાં હાર હોય તેવો કોઈ આધારમાં તેઓ તપાસના કામે કબજે કરેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે. તેઓએ તેઓની ફરીયાદમાં બનાવવાળા વિસ્તારની ચર્તુદીશા જણાવેલ નથી. બનાવવાળા વિસ્તારમાં ઘણા માણસોની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાએ ઘણી બધી હોટલો આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કામગીરી બતાવવા

ખોટી ફીરયાદ કરેલ છે. તેઓએ તેઓની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કામગીરી બતાવવા ખોટી ફીરયાદ કરેલ છે.

**(૭–બી)<u>પંચસાહેદ:–</u>**

આ કામે ફરીયાદ પક્ષ તરફથી પંચસાહેદ શાંતીલાલ કાલીદાસ કાપડીને આંક–૧૨ થી અને પંચસાહેદ વિનોદ મગનભાઈ ઓઢવીયાને આંક–૧૪ અને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. પંચસાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક–૧૩ થી રજુ થયેલ પંચનામાને સમર્થન કરેલ નથી. તેઓ કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવે છે કે, પંચનામાં વિશે કાંઈ જાણતાં નથી. પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં સહી કરેલ અને પંચનામામાં શું લખેલ છે તેની ખબર નથી. ફરીયાદપક્ષ તરફે આ પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરી પોતાનાં જ સાક્ષીની ઉલટતપાસ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલી. ભારતીય સાક્ષ્ય અધિનીયમ ની કલમ ૧૫૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષને પોતાનાં સાહેદની જ ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી. તેમ છતાં પંચસાહેદોએ ફરીયાદપક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષે થયેલાં પંચનામાનાં આધારે પોલીસે પંચોની રૂબરૂમાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ફરીયાદ પક્ષ આંક–૧૩ નું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને હાલનાં કામે તપાસ કરનાર

અમલદારે પંચોની રૂબરૂ પંચનામામાં જણાવેલ વિગતે સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ હોવાની હકિકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૦૮.. <u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

હાલનાં કામે આરોપી સામેનું તહોમતનામું જોવામાં આવે તો ભારતીય ન્યાય સંહીતા ની કલમ – ૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાનો આરોપ છે, જેથી ફરીયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરવું જોઈએ કે હાલનાં કામનાં આરોપીએ પોતાનાં કબજાનાં વાહનને અન્ય કોઈ વ્યકિતની જીંદગી જોખમમાં મુકાઈ તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ગુનો કરેલ છે. ફરીયાદપક્ષની હકીકત જોતાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદો સિવાય ફરીયાદની હકીકતને પુરવાર કરવા અન્ય સ્વતંત્ર સાહેદોનાં પુરાવા રજુ થયેલ ન હોઈ ફરીયાદની હકીકતને સમર્થન મળતું નથી. આરોપીએ પોતાનાં હવાલાવાળુ મો.સા.જેના રજી.નં. જીજે–૧૦–એ.એચ. ૬૫૪૭ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી અને જેનાં કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય તેવો સ્વતંત્ર સાહેદોનો કોઈ પુરાવો નથી. જે સંજોગોમાં આ કામનાં આરોપીએ બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાનાં હવાલાવાળું મો.સા.જેના રજી.નં. જીજે–૧૦–એ.એચ. ૬૫૪૭ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી અને જેનાં કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોવાની હકીકત બાબત શંકા

ઉપજાવે છે. ફરીયાદી તપાસેલાં સાહેદો પોલીસ સાહેદ છે. જેથી તે સ્વાભાવિક રીતે જ ફરીયાદ પક્ષને સમર્થન કરતી હકીકત તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે. સદરહુ ફરીયાદીની જુબાનીને અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાનીનું સમર્થન મળવું આવશ્યક છે. હાલનાં ફરીયાદીની તથા પોલીસ સાહેદની જુબાનીનાં આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી. તેમજ હાલનાં કામે આંક–૧૩ થી રજુ થયેલ પંચનામાનાં પંચ સાહેદને આંક– ૧૨ તથા આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ પરંતુ સદર પંચસાહેદ પણ આંક–૧૩ થી રજુ થયેલ પંચનામાને સમર્થન કરતાં નથી. હાલનાં કામે બનાવવાળી જગ્યાનાં આજુબાજુનાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી. આમ, ઉપરોકત સમગ્ર પુરાવાનું સ્વતંત્ર રીતે તથા એકબીજા સાથે સાંકળીને અવલોકન કરવામાં આવે તો આરોપીએ પોતાનાં હવાલાવાળી મો.સા.જેના રજી.નં. જીજે–૧૦–એ.એચ. ૬૫૪૭ ને બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવાનો સંભવ હોઈ, તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી, મોટર વ્હીકલ એકટનાં રુલ્સ, રેગ્યુલેશન અને નોટીફીકેશનનો ભંગ કરેલ હોવાની હકીકત ઉપર જણાવેલ કારણોસર ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલા છે. જેથી ફરીયાદપક્ષ નિ:શંકપણે એવું પુરવાર કરી શકેલ નથી કે બનાવનાં દિવસે, સમયે અને સ્થળે હાલનાં આરોપી પોતાનાં કબજાનું વાહન અન્ય કોઈ વ્યકિતની જીંદગી જોખમમાં મુકાઈ તે રીતે બેફામરીતે કે બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર ચલાવીને મોટર વ્હીકલ

એકટનાં રુલ્સ, રેગ્યુલેશન અને નોટીફીકેશનનો ભંગ કરેલ હોવાનું ફરીયાદપક્ષ શંકારહીત સાબિત કરી શકેલ નથી. જેથી આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ, તેવું મારું નમ્ર પણે માનવું છે. પરીણામ સ્વરુપ મુદ્દા નં –૧ નો જવાબ નકારાત્મક આપી મુદ્દા નં–ર માટે ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**૧.** આ કામનાં આરોપી મનીષભાઈ સવજીભાઈ ભંડેરીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતા ની કલમ–૨૮૧ મુજબનાં સજાને પાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**ર.** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૮૧ મુજબનાં અપીલ પીરીયડ સુધીનાં રૂ. ૫,૦૦૦/– નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ : –૨૧ મી, માહે :એપ્રીલ , સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : જામનગર.** **(સંજીવકુમાર)**
**તા.૨૧/૦૪/૨૦૨૬** **૧૦માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**જી.જે.૦૧૩૬૫**